## જાહેર અગત્યની બાબત પર માન. મંત્રીશ્રી (વાહન વ્યવહાર)નું ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ હેઠળનું નિવેદન

તા.૨૭/૦૨/૨૦૨૪

મને આપ સૌને જણાવતા આનંદ થાય છે કે, તા.૨૫/૦૨/૨૦૨૪ના રોજ માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ સુદર્શન બ્રીજનું લોકાર્પણ કરીને જાહેર જનતા માટે ખુલ્લો મુકેલ હતો. બેટ દ્વારકાની જનતાને આઝાદીના ૭૫ વર્ષ બાદ ખરા અર્થમાં પરીવહનની સ્વતંત્રતા અપાવવા બદલ હું આપણા લોકલાડીલા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને બે હાથ જોડી નતમસ્તક વંદન કરું છું અને બેટ દ્વારકાની જનતા વતી, સમગ્ર વિશ્વમાં વસતા દ્વારકાધીશના કરોડો ભક્તો વતી, બોર્ડરપરના આ ટાપુ ઉપર ધર્મ અને રાષ્ટ્રવાદની વિચારધારાની ચિંતા કરનારા એ લોકો વતી આભાર વ્યકત કરું છું.

આ સુદર્શન બ્રીજનું લોકાર્પણ કર્યાના ૨૪ કલાકમાં જ ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના બેટ દ્વારકા જવા-આવવા માટેના ચાર(૦૪) રૂટોની સરકારે મંજૂરી આપીને બેટ દ્વારકાના વિકાસના દ્વારો ખોલી દીધા છે. આ અમારી ડબલ એન્જીન સરકારે ટુંક સમયમાં જે ત્વરીત ગતિએ કામગીરી કરી છે તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.

બેટ દ્વારકામાં  છેલ્લા હજારો વર્ષોથી ફકત દરિયાઈ માર્ગે હોડી કે વહાણના માધ્યમથી વ્યકિતઓ અને માલ-સામાનનું પરીવહન થતું હતું. કોઈ ગર્ભવતી સ્ત્રીને પ્રસુતિની પીડા થાય, કોઈ વ્યકિતને અકસ્માત થાય, કોઈ વ્યકિતને હાર્ટ એટેક આવે, કોઈકના વ્હાલસોયા બાળક ઉપર કોઈ તાત્કાલિક સંકટ આવી પડે તેવી  પરિસ્થિતિમાં આ લોકો કેવી વ્યથા અનુભવતા હશે તે, વ્યથા આપણા વડાપ્રધાનશ્રીએ સાંભળેલી છે.

શ્રીમદ ભગવત ગીતાના મુખ્ય ઈષ્ટદેવ ભગવાનશ્રી કૃષ્ણ કે જે લોકોના ભવસાગરને પાર કરાવે છે તે ભગવાન શ્રી કૃષ્ણના દર્શન પરીવહનના અભાવે ઘણા લોકો દર્શનથી વંચીત રહી જતા હતા. આવા લોકોને સાગરપાર કરાવીને દર્શન કરાવવાની ભકતો લાગણીને જે આપણા વડાપ્રધાનશ્રીએ સમજી છે તેના પરિપ્રેક્ષ્યમાં રાજય સરકાર જરૂરી વાહન વ્યવહાર, નવીન બસ સ્ટેન્ડ તથા અન્ય સવલતો પુરી પાડશે.

| **ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ** | | | | | |
|---|---|---|---|---|---|
| **બેટદ્વારકા જવા–આવવા માટેના રૂટોની વિગત** | | | | | |
| **ક્રમ** | **રૂટનું નામ** | **ઉપડવાનો સમય** | **પહોંચવાનો સમય** | **વાયા** | **ડેપો** |
| ૧ | અમરેલી–બેટદ્વારકા | ૫:૦૦ | ૧૪:૧૦ | આટકોટ, રાજકોટ, જામનગર, ખંભાળીયા, ભાટીયા, દ્વારકા | અમરેલી |
| ૨ | બેટદ્વારકા–અમરેલી | ૧૪:૩૦ | ૨૩:૪૫ | દ્વારકા,ભાટીયા,ખંભાળીયા,જામનગર, રાજકોટ, આટકોટ | અમરેલી |
| ૩ | માણસા–બેટદ્વારકા | ૧૭:૩૦ | ૫:૫૦ | અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, ધ્રોલ, જામનગર, ખંભાળીયા, દ્વારકા | માણસા |
| ૪ | બેટદ્વારકા–માણસા | ૧૪:૫૦ | ૩:૧૦ | દ્વારકા,ખંભાળીયા, જામનગર, ધ્રોલ, રાજકોટ, ગાંધીનગર, અમદાવાદ | માણસા |

ઉપરોકત રૂટની સાથો–સાથ દ્વારકાથી બેટ દ્વારકા વચ્ચે સવારે ૫–૦૦ વાગ્યાથી શરૂ કરી મોડી રાત સુધી દર કલાકે બસ સેવા ચાલશે.